ઓ૩મ્

પિતા અને પુત્રનો સંવાદ.

અથવા

બાલ પ્રશ્નોતરી.

—××—

હિંદી ઉપરથી.

રા. રા. પ્રાણજીવન નારાયણ ઠાકર પાસે ગુજરાતીમા કરાવી રા. રા. પુરૂષોત્તમ ભગાનીશકરની મદદથી

પ્રસિદ્ધ કરનાર,

અમદાવાદ આર્યસમાજ તરફથી,

મંત્રી છોટાલાલ હરિલાલ.

અમદાવાદ.

વિક્રમ સંવત	આર્ય સંવત	દયાનંદાબ્દ.
૧૯૭૧	૧૯૭૨૯૪૯૦૧	૩૧

પ્રથમાવૃત્તિ ——— પ્રત ૨૦૦૦

કિંમત ૦-૦-૩

અમદાવાદ

ટંકશાળમાં ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કં૦
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

ઓ૩મ્

પિતા અને પુત્રનો સંવાદ.

અથવા

બાલ પ્રશ્નોત્તરી.

૧–પુત્ર—પિતાજી, આ જે બધું ઉપર નીચે દેખાયછે તે શુંછે ?
પિતાજી—બેટા, એ સંસાર છે.

૨–પુત્ર—એ કોણે બનાવ્યો હશે ? પિતાજી—ઇશ્વરે.

૩–પુત્ર—ઇશ્વર કોણ છે ? પિ૦—ઇશ્વર એ એક મોટી ચેતન શકિત છે. તે સૌને ઉત્પન્ન કરનાર, સૌનું પાલન કરનાર અને સૌનો નાશ કરનાર છે.

૪–પુ૦—આ શક્તિ ક્યાં રહે છે ? પિ૦—આ શક્તિ સર્વ ઠેકાણે વ્યાપક છે; કોઇ એક સ્થાનમાં રહેતી નથી.
દેખાતી કેમ નથી ? પિ૦—તે નિરાકાર છે, તેને આકાર નથી, રૂપે નથી, અને રંગે નથી; પરંતુ તે બધું કરી શકે છે; અને બધાંના મનની છાની વાત તે જાણે છે.

૫–પુ૦—શું ઇશ્વરે આ સંસારને એકજવાર બનાવેલો છે ?

પિ૦—નહિ, ઘણીવાર બનાવ્યો; અને ભાગી નાંખ્યો; અને આગળ પણ બનાવ્યાં જશે.

૭-પુ૦—પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારા એ કોની મદદથી ચાલી રહ્યાં છે? પિ૦—ઇશ્વરની બનાવેલી આકર્ષણ શક્તિની મદદથી.

૮-પુ૦—ઇશ્વરને કોણે બનાવ્યો? તે જન્મ લે છે કે નહિ?

પિ૦—ઇશ્વરને કોઇએ બનાવ્યો નથી; તે કદી જન્મ લેતો નથી, કે મરી જતો નથી.

૯-પુ૦—શ્રી રામચંદ્રજી કે કૃષ્ણ ઇશ્વર હતા કે માણસ?

પિ૦—એ મહાયોગી પુરૂષો હતા; ઇશ્વર નહોતા.

૧૦-પુ૦—જન્મ કોને કહે છે? અને મરણ કોને કહે છે?

પિ૦—આત્મા અને શરીરના સંયોગને જન્મ અને વિયોગને મરણ કહે છે.

૧૧-પુ૦—મરવું એ તો ખરાબ છે. ત્યારે ઇશ્વર અમને શા વાસ્તે મારે છે? પિ૦—બેટા, જે ધર્માત્મા માણસ છે અને જે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખે છે તે મોતથી ડરતો નથી. તે મરી જવાથી દુઃખમાંથી છૂટે છે; પણ પાપી માણસો ડરતાં રહે છે. ઇશ્વર કર્મનું ફળ આપવાને આપણને મારે છે અથવા જન્મ આપે છે.

૧૨-પુ૦—જીવ શું છે? અને કેટલા છે? પિ૦—જીવ એ એક નાની શક્તિ છે અને અસંખ્ય છે.

૧૩-પ્રુ૦—જીવ ક્યાં રહે છે? પ્રિ૦—જીવ, સંસારના કીડા, મંકોડા, પશુ, પક્ષિ, વનસ્પતિ વગેરેમાંના શરીરમાં રહે છે; અને ઘણાં મનુષ્યયોનિથી મોક્ષ ધામમાં ચાલ્યાં જાય છે.

૧૪-પ્રુ૦—શું બધા જીવ સરખા છે? પ્રિ૦—હા, બધા સરખા છે; કોઇ નાનોએ નથી, કોઇ મોટોએ નથી; કોઇ સ્ત્રીએ નથી, કોઇ પુરૂષે નથી.

૧૫-પ્રુ૦—ત્યારે કોઇ ઘોડો, કોઇ માણુસ, કોઇ સ્ત્રી વગેરે કેમ બનાવાય છે?

પ્રિ૦—કર્મોનાં ફળ ભોગવવા વાસ્તે.

૧૬-પ્રુ૦—કયો જન્મ (યોનિ) સૌથી સારો? પ્રિ૦—માણુસનો; કારણુ કે આ જન્મમાં રહીને જીવ જ્ઞાની બની મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

૧૭-પ્રુ૦—શું, માણુસનો જીવ પશુમાં જઇ શકે છે?

પ્રિ૦—હા, જઇ શકે છે.

૧૮-પ્રુ૦—જ્ઞાન કોને કહે છે? પ્રિ૦—યથાર્થ જ્ઞાનને; અથવા જે વસ્તુ જેવી છે તેને તેવી જાણુવી એને જ્ઞાન કહે છે.

૧૯-પ્રુ૦—મોક્ષ કે મુક્તિ કોને કહે છે? પ્રિ —જન્મમરણુના બંધનથી છૂટી જવું તેને મોક્ષ કહે છે.

૨૦-પ્રુ૦—મોક્ષમાં જીવ શું કરે છે? પ્રિ૦—મોક્ષમાં જીવ

ઇશ્વરનો આનંદ ભોગવી તેમાં મગ્ન રહે છે. આ આનંદ સૌ સુખથી ચઢીઆતો છે.

૨૧–પુ૦—જ્ઞાન ક્યાંથી મળી શકે છે? પ્રિ૦—વેદોમાંથી અથવા સતસંગથી.

૨૨–પુ૦—વેદ શું છે? અને કેટલા છે? પ્રિ૦—વેદ ઇશ્વરે આપેલું જ્ઞાન છે, તે ચાર છે. (૧) ઋક્, (૨) યજુઃ (૩) સામ, અને (૪) અથર્વ.

૨૩–પુ૦—શું બાઇબલ, કુરાન, વગેરે ઇશ્વરે આપેલું જ્ઞાન નહિ? પ્રિ૦—નહિ; એ ફક્ત ધર્મના પુસ્તક છે; કારણ કે એમ ઇશ્વરી નિયમવિરૂદ્ધ વાતો લખેલી છે.

૨૪–પુ૦—વેદોમાં શું છે? પ્રિ૦—જ્ઞાન અને ધર્મનો ઉપદેશછે.

૨૫–પુ૦—ધર્મ કોને કહે છે? પ્રિ૦—વેદો પ્રમાણે આપણું જીવન કરવું તેનું નામ ધર્મ

૨૬–પુ૦—ઇશ્વરે વેદ શા વાસ્તે બનાવ્યા? પ્રિ૦—માણસોને સત્યવિદ્યા શીખવવાને વાસ્તે.

૨૭–પુ૦—શું વેદ જાણવાનો ચારે વર્ણને અધિકાર છે? પ્રિ૦—હા.

૨૮–પુ૦—બ્રાહ્મણનું કામ શું છે? પ્રિ૦—વેદ ભણવા અને ભણાવવા; યજ્ઞ કરવા અને યજ્ઞ કરાવવા; દાન દેવું અને દાન લેવું.

૨૯–પુ૦—ક્ષત્રિયનું શું કામ છે? પ્રિ૦—વેદ ભણવા, દેશની રક્ષા કરવી, યજ્ઞ કરવા, અને દાન આપવું.

૩૦-પુ૦—વૈશ્યનું શું કામ છે? પ્રિ૦—વ્યાપાર કરવો, ખેતી કરવી, પશુઓ પાળવાં, વેદ ભણવા; યજ્ઞ કરવા, અને દાન કરવું

૩૧-પુ૦—શૂદ્રનું શું કામ? અને શૂદ્ર કોને કહે છે? પ્રિ૦—શૂદ્રનુ કામ સેવા કરવાનું છે અને જે માણસો વિદ્યા ન ભણ્યાં હોય તેમને શૂદ્ર કહે છે.

૩૨-પુ૦—આર્યકોને કહે છે? પ્રિ૦—ઉત્તમ અથવા વિદ્વાન લોકોને જે વેદો પ્રમાણે પોતાનું જીવન ગાળે છે.

૩૩-પુ૦—સંસારમાં અનાદિ કઇ કઇ વસ્તુઓ છે? પ્રિ૦—જીવ, ઇશ્વર, અને પ્રકૃતિ; આમાં જીવ અને ઇશ્વર ચેતન છે; અને પ્રકૃતિ જડ છે.

૩૪ પુ૦—જીવ અને ઇશ્વરમાં શો ફેર છે? પ્રિ૦—જીવ, જન્મ મરણના બંધનમાં આવી સુખ દુઃખ ભોગવે છે. પણ ઇશ્વર તેમ કરતો નથી.

૩૫-પુ૦—પાપ કે પુણ્ય કોને કહે છે? પ્રિ૦—યજ્ઞ વગેરે સારાં કામ કરવાં અને ઇશ્વરની આજ્ઞા પાળવી, એ પુણ્ય અને જે આની વિરૂદ્ધ તે પાપ.

૩૬ પુ૦—પાંચ મહાયજ્ઞ કિયા કિયા? પ્રિ૦—(૧) બ્રહ્મયજ્ઞ, (૨) દેવયજ્ઞ, (૩) પિતૃયજ્ઞ, (૪) અતિથિયજ્ઞ, અને (૫) બલિવૈશ્વદેવ.

૩૭-પુ૦—બ્રહ્મયજ્ઞ કોને કહે છે ? અને એનો મુખ્ય ઉદ્દેશ શો છે ? પિ૦-બ્રહ્મયજ્ઞ સંધ્યોપાસનાને કહે છે, એનો મુખ્ય ઉદ્દેશ બુદ્ધિને ખોટે રસ્તેથી પાછી ફેરવવી અને સારા કામમાં ચલાવવી કે જેથી સુખ મળે.

૩૮-પુ૦—દેવયજ્ઞ કોને કહે છે ? પિ૦-દેવયજ્ઞ અગ્નિહોત્રને કહે-છે; તેની મારફતે વાયુ ઇત્યાદિ દેવોની શુદ્ધિ થાયછે; અને તે આપણી શાંતિનો મદદગાર બને છે.

૩૯-પુ૦—પિતૃયજ્ઞ કોને કહે છે ? પિ૦-જીવતાં માતા પિતાની સેવાને પિતૃયજ્ઞ કે પિતૃશ્રાદ્ધ કહે છે.

૪૦-પુ૦—અતિથિયજ્ઞ કોને કહે છે ? પિ૦-ઘેર આવેલા વિ-દ્વાન્, મહાત્મા વગેરે મેમાનનો સત્કાર કરવો એ અતિથિયજ્ઞ કહેવાય છે.

૪૧-પુ૦—બલિવૈશ્વદેવ કોને કહે છે ? પિ૦-નાના નાના જીવોને ખાવાનું આપવું અને એમનું રક્ષણ કરવું એ બલિવૈશ્વદેવ કહેવાય છે.

૪૨-પુ૦--પિતાજી, ત્યારે મરી ગયેલાં પાછળ બ્રાહ્મણો વગે-રેને જમાડી શ્રાદ્ધ કરવું એ મરનારને નહિ પહોંચતું હોય ? પિ૦-ના, નહિ એ તો પુરાણોની કપોલ કલ્પિત કથાઓ છે.

૪૩-પુ૦—તોથી મોટું કામ કયું ? પિ૦-સાચું બોલવું, બહાર અને અંદર શુદ્ધ રહેવું અને જીવહિંસા ન કરવી.

૪૪-પ્રુ૦—શું અમારે અમારો મત હિંદુ બનાવવો જોઇએ ?
પ્રિ૦-નહિ, વૈદિક; હિંદુ તો ચોર, બદમાશ ને કહેછે.

૪૫-પ્રુ૦—અમારા દેશનુ નામ શું? પ્રિ૦-આર્યાવર્ત, કે ભારતવર્ષ.

૪૬-પ્રુ૦—અમારે અમારા દેશને વાસ્તે શું કરવું જોઇએ ?
પ્રિ૦-તમારે દેશના સાચા ભક્ત બનવું જોઇએ; અને
સ્વાર્થનો ત્યાગ કરી દેશની સેવા કરવી જોઇએ.

૪૭-પ્રુ૦—અમારે દેશસેવા વાસ્તે કોનું જીવન ચરિત્ર ભણવું
જોઇએ ? પ્રિ૦-મહર્ષિ દયાનંદસરસ્વતીનું.

૪૮-પ્રુ૦—અમારે સંસારમા કઈ સભામાં મળી કામ કરવું
જોઇએ ? પ્રિ૦-આર્યસમાજમાં.

૪૯-પ્રુ૦—આર્યસમાજમાં કોની પૂજા થાય છે ? પ્રિ૦-કેવળ
એક નિરાકાર ઓ૩મ્‌ની; કોઇ દેવી દેવતાની નહિ.

૫૦-પ્રુ૦—દેવીનો શો અર્થ ? પ્રિ૦-ખરી ભણેલી (વિદુષી)
અને ધર્મિષ્ઠ સ્ત્રીને દેવી કહે છે.

૫૧-પ્રુ૦—દેવતા કોને કહે છે ? પ્રિ૦-જે પ્રકાશમાન હોય તેને.

૫૨-પ્રુ૦—દેવતા કેટલા પ્રકારના છે ? પ્રિ૦-બે પ્રકારના. (૧)
જડ, અને (૨) ચેતન.

૫૩-પ્રુ૦—જડ દેવતા કેટલા અને કોણુ કોણુ ? પ્રિ૦-જડ દેવતા
૩૩ છે. ૮ વસુ, ૧૧ રૂદ્ર, ૧૨ આદિત્ય, ૧ યજ્ઞ,
અને ૧ વિદ્યુત.

૫૪–પ્રુ૦—ચેતન દેવતા કોણ કોણ છે? પ્રિ૦–વિદ્વાન્ ધર્માત્મા પુરૂષ અને પરમાત્મા.

૫૫–પ્રુ૦—૮ વસુ, ૧૧ રૂદ્ર અને ૧૨ આદિત્ય કિયા કિયા છે? પ્રિ૦–સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને આકાશ એ આઠ વસુ: દશ પ્રાણ અને એક જીવાત્મા એ અગીઆર રૂદ્ર; અને બાર મહિના એ બાર આદિત્ય કહેવાય છે.

૫૬–પ્રુ૦—ત્યારે આ નક્ષત્ર વગેરે દેવતાઓની પૂજા કરવાથી એ અમને કાંઇ ફળ આપી શકે છે કે નહિ? પ્રિ૦–ના, નહિ. કારણકે એ સૌ જડ પદાર્થ છે.

૫૭–પ્રુ૦—પુરાણોના તેત્રિસ કરોડ દેવતા કોણ કોણ છે? પ્રિ૦ આ તદ્દન જુદી વાત છે. ૩૩ ના ૩૩ કરોડ બનાવી દીધા છે.

૫૮–પ્રુ૦—તીર્થ કોને કહે? પ્રિ૦–જેની મારફતે માણુસ મોક્ષ સુધીનુ ફળ મેળવી શકે તેને; જેમકે:–ગુરૂકુલ.

૫૯–પ્રુ૦—ગંગા, જમના, વગેરે નદીઓમાં સ્નાન કરવાથી, કે મંદીરોમાં ફક્ત દર્શન કરવાથી મોક્ષ મળી શકે કે નહિ? પ્રિ૦–નહિ,.મોક્ષ તો સારાં કામો કરવાથી મળી શકે.

૬૦–પ્રુ૦—વ્રત કોને કહે છે? પ્રિ૦–કોઇ નિયમ પ્રમાણે ચાલવાનો સંકલ્પ કરી લેવો તેનું નામ વ્રત.

૬૧-પ્રુ૦—અમારે શું વ્રત કરવું જોઇએ? પિ૦-ધર્માત્મા થવું, અસત્ય છોડવું, સત્યનો પ્રચાર કરવો, દુઃખીઓનાં દુઃખ ટાળવાં, આવાં વ્રત કરવાં જોઇએ.

૬૨-પ્રુ૦—શું આવાં વ્રત કરવાથી અમે દુઃખમાંથી છુટી શકીશું? પિ૦-હા; નક્કી.

૬૩-પ્રુ૦—શું ઇશ્વર અમારાં પાપો માફ કરશે? પિ૦-નહિ; ઇશ્વર ન્યાયકારી છે; પણ સમય આવ્યે તેમનો નાશ થશે.

૬૪-પ્રુ૦—દાન કોને કરવું જોઇએ? પિ૦-અશક્ત, અનાથ, અને ગરીબ જે સારાં કર્મમાં મળેલા દાનના પૈસા વાપરે તેમને.

૬૫-પ્રુ૦—માંસ ખરીદ કરી તે ખાવામાં તો પાપ નહિ; કારણ કે એમાં હિંસા અમે કરી નથી. પિ૦-માંસ ખાવું એ મોટું પાપ છે; કારણકે કસાઇ લોકો માંસ ખાનારને માટે પશુઓ મારે છે. મનુમહારાજે આઠ જાતના કસાઇ કહેલા છે; જેમાં માંસખાનાર, તે રાંધનાર, તે વેચનાર, પશુને મારનાર, તેને મારવાની સલાહ આપનાર વગેરેનો સમાવેશ થાય છે.

૬૬-પ્રુ૦—દારૂ વગેરે નિશાવાળી વસ્તુ પીવામાં તો દોષ નથી? પિ૦-એમાં નક્કી દોષ છે; કારણકે એથી બુદ્ધિ ભ્રષ્ટ થઇને ખરાબ રસ્તે વળે છે.

૬૭-પુ૦—રંડી વગેરેના નાચમાં જવું તેમાં તો પાપનહિ કે?
પિ૦-હા, પાપ છે; કારણકે તેથી મન ઉપર ખરાબ અસર થાય છે.

૬૮-પુ૦—વિવાહ, હોળી વગેરે પ્રસંગે ફટાણાં બોલવાં એ તો નુકશાનકારક નથી કની? પિ૦-કેમ નહિ, મા, બેન, વગેરેના દેખતાં ભુંડુ બોલવું એ નીચ અને હલકું કામ છે.

૬૯-પુ૦—નાગી છબીઓ જોવી એ ખરાબ નથી કની?
પિ૦-ખરાબ છે; એ મનને ચળાવે છે.

૭૦-પુ૦—માણસની કેટલી અવસ્થા હોય છે? પિ૦-ચાર-
(૧) બ્રહ્મચર્ય, (૨) ગૃહસ્થ, (૩) વાનપ્રસ્થ, અને (૪) સન્યાસ.

૭૧-પુ૦—અમારી અવસ્થા શી રીતે સંભાળી શકાય? પિ૦-
પહેલી અવસ્થા ગુરૂકુલમાં રહી, બ્રહ્મચારી થઇ, વિદ્યા મેળવને; બીજી, ગૃહસ્થાઇમાં રહી, અધર્મનો ત્યાગ કરીને; ત્રીજી, એકાંતમાં ઈશ્વર ચિન્તન કરીને; અને ચોથા, સંસારમાં સત્યનો ઉપદેશ કરીને.

૭૨-પુ૦—ત્યારે શું આમ કરવાથી અમે મોક્ષના ભોગી થઇ શકીશું? પિ૦-હા, નક્કી.

૭૩-પુ૦—સ્ત્રિયોનો મુખ્ય ધર્મ કયો? પિ૦-ફક્ત પતિની સેવા કરવી તે; તે શિવાય કોઇ બીજો નિયમ, કે વ્રત નથી.

૭૪-પુ૦—ત્યારે શું સ્ત્રિયોએ કોઇ પણ દેવની પૂજા ન કરવી? પિ૦-નહિ; પોતાનો પતિ એજ તેનો પૂજ્ય દેવ છે; આ એકલા પતિવ્રતથીજ એની મુક્તિ થાય છે.

૭૫-પુ૦—ત્યારે શુ ભૂત, પ્રેત, મીરા, મસાણ વગેરેની પણ પૂજા ન કરવી ? આતો તેમનાં બચ્ચાંને માંદાં પાડે છે. પિ૦-નહિ, ફક્ત એક ઇશ્વર ઉપર ભરોંસો રાખી એનો ઉપાય કરવો જોઇએ. જે મરી ગયેલા છે તે શું કરી શકે ?

૭૬-પુ૦—મંત્રજંત્ર જાણનાર માણસ બચ્ચાંઓને સારાં કરી દેછે? પિ૦-નહિ, એ એમનો ઢોંગ છે. આથી ભોળી સ્ત્રિયોને તે ઠગી જાય છે, જરા વિચાર તો કરો; જે પોતે મેલો રહે તે દેવતાઓને કેમ ખુશ કરી શકે ?

૭૭-પુ૦—સ્ત્રિયોને વિદ્યા ભણાવવી કે નહિ ? પિ૦-નક્કી, ભણાવવી જોઇએ; કારણકે વિદ્યા વગર તો ઉત્તમ સંતાન ઉત્પન્ન નહિ કરી શકે.

૭૮-પુ૦—સ્ત્રિયોએ પોતાના પતિની સેવા શિવાય બીજું કાંઇ ન કરવું ? પિ૦-નહિ, પોતાથી જે મોટાં હોય તે સૌની સેવા, ગૃહસ્થઘરનું સઘળું કામકાજ, પુત્ર પુત્રીઓને સારી શીખામણ દેવી વગેરે સ્ત્રિયોને શોભા આપનારાં કામ છે.

૭૯-પુ૦—સ્ત્રિયોએ વિદ્યા ભણીને કેવાં પુસ્તકો વાંચવાં જોઇએ? પિ૦—સારાં સારાં ધર્મનાં પુસ્તકો વાંચવાં; રાસલીલા વગેરે અશ્લીલકનાં પુસ્તકો જેથી મન ઉપર ખરાબ અસર થાય તે નહિ; અને હમેશાં સારાં માણસોમાં બેસવું ઉઠવું રાખવું.

૮૦-પુ૦—અમારા દેશનુ કલ્યાણ કયારે થશે? પિ૦-જ્યારે આ દેશમાં સજ્જનો અને વિદુષી સ્ત્રીઓ જન્મશે ત્યારે.

૮૧-પુ૦—પિતાજી, આ સ્થિતિમા મારૂં મુખ્ય કર્તવ્ય શુ છે? પિ૦-બ્રહ્મચર્ય પાળવું અને વિદ્યા પ્રાપ્ત કરવી.

૮૨-પુ૦—બ્રહ્મચર્ય કોને કહે છે? પિ૦-બળ અને વીર્યની રક્ષા ને બ્રહ્મચર્ય કહે છે.

૮૩-પુ૦—બળ અને વીર્યની રક્ષા કરવાના સાધન કયાં? પિ૦-દરેક સ્ત્રીને પોતાની મા કે બેન સમજવી. ખરાબ સોબત ન રાખવી, મનને ખરાબ વિચાર કરતાં અટકાવવું, કોઇને કોઇ કામમાં રોકાયા રહેવું, ખરાબ ચાળા ન કરવા, ગુપ્તેન્દ્રિય ઉપર વારે ઘડિએ હાથ ન અડાડવો, વગેરે બળ અને વીર્યની રક્ષાનાં સાધન છે.

૮૪-પુ૦—બળ અને વીર્યની રક્ષા કરવાથી શો લાભ? પિ૦—તેજ વધે છે, બુદ્ધિ તીવ્ર થાય છે, ઇન્દ્રિયો દૃઢ થાય છે, અને માણસ પૂર્ણ આયુષ્ય ભોગવે છે.

૮૫–પુ૦—બ્રહ્મચર્યનું પાલન ક્યાં સુધી કરવું જોઇએ ? પિ૦—આખી જીંદગી અથવા ૪૫ વર્ષ સુધી; અથવા ઓછામાં ઓછું ૨૫ વર્ષ સુધી તો બ્રહ્મચર્ય પાળવુંજ જોઇએ.

૮૬–પુ૦—પચીસ (૨૫) વર્ષની પેહેલાં વીર્યની હાની કરવાથી શું નુકશાન પહોંચતું હશે ? પિ૦–સાંસારિક અને પારમાર્થિક બન્ને સુખોનો નાશ થાય છે, શરીર નબળુ પડી જાય છે, મગજમાં સ્મરણશક્તિ રહેતી નથી, આંખનું તેજ ઘટી જાય છે, કમર અને પિંડીઓ દુ:ખે છે, પાચનશક્તિ બગડી જાય છે, અને ઇંદ્રિઓ નરમ પડી જાય છે. વગેરે; આથી માણસ અનેક રોગથી ઘેરાયેલુ રહે છે.

૮૭–પુ૦—આવા માણસને સંતાન થાય છે કે નહિ ? પિ૦—આવા માણસને પેહેલાં સંતાન થતાંજ નથી; અને કદી થયાં તો તે બહુ દુર્બલ થાય છે; અને તેઓ રોગથી ઘેરાયેલાં રહે છે.

૮૮–પુ૦—ત્યારે તો આવાં માણસોનુ સંસારમાં રહેવું વૃથા છે; કારણ કે પોતાની નિર્બલતાને લીધે માતૃઋણ કે પિતૃઋણ પણ તેમનાથી અપાઈ શકાતું નથી. પિ૦–ખરી વાત બેટા, આવાં માણસ તો લગ્ન થયા પછી લાજનાં માર્યાં આપઘાત કરે છે.

૮૯–પુ૦—ત્યારે શું યુવાવસ્થામાં જેટલાં માણસો દુર્બલ દેખાય-
છે અથવા ચશ્મા પહેરે છે એ બધાં આવાંજ હશે.?
અને શું એ બધાંઓ કુચેષ્ટાથી પોતાનું વીર્ય બોઇ
બેઠાં હશે? પિ૦–હા, ઘણાંખરાં તો એવાંજ હોયછે
કે જેમણે પોતેજ રોગોને ખરીદ કરી લીધા છે.

૯૦–પુ૦—લગ્ન થયા પછી તો બ્રહ્મચર્યનો અવશ્ય નાશ થ-
તોજ હશે? પિ૦–નહિ, જે માણસ નીતિ પા-
લન કરી, ઋતુગામી થાય છે, તે બ્રહ્મચારીજ
ગણાય છે.

૯૧–પુ૦—પિતાજી, હાલ, વખત બહુ થઇ ગયો છે, અને મારી
શંકાઓ હજી બહુ બાકી છે, તેથી તેમનું સમાધાન
વળી ફરી કોઇ વખત કરાવીશ; હાલ મને જવાની
રજા આપો. પિ૦-ઠીક. જા.

૯૨–પુ૦—પિતાજી, નમસ્તે. પિ૦–બેટા, લાંબુ આયુષ્ય ભોગવ,
તારા વિચાર દૃઢ થાઓ. અને તારૂં જીવન આદર્શ
જીવન થાઓ

॥ संपूर्णम् ॥